# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૮ (A) તા.૪-૯-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- 'સ્વચ્છતા પખવાડીયા-૨૦૧૭' અને ' સ્વચ્છ ભારત મિશન' ની ઉજવણી અને કલા ઉત્સવ અંતર્ગત સ્પર્ધાઓ યોજવા બાબત.

સંદર્ભ :- જીસીઈઆરટી/કલાઉત્સવ/૨૦૧૭/૧૯૦૭૫-૧૯૧૦૪ તા.૧-૯-૨૦૧૭

આથી મ્યુનિ.શાળાના તમામ મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે રાજ્ય સરકારશ્રી દ્વારા વિદ્યાર્થીઓ ચિત્રકલા કૌશલ્ય,સાહિત્ય રચનાનું કૌશલ્ય વગેરે જેવા વિવિધ કૌશલ્યોના વિકાસના ભાગરૂપે વિદ્યાર્થીઓમાં વિવિધ કલા અને પ્રતિભાને પ્રેરણા અને પ્રોત્સાહન પુરું પાડવા રાજ્યકલા મહાકુંભનું આયોજન કરવામાં આવેલ છે. '' સ્વચ્છતા પખવાડીયા – ૨૦૧૭ '' કાર્યક્રમના ભાગરૂપે કલા ઉત્સવમાં ચિત્ર સ્પર્ધા અને બાલ કવિ સંમેલન સ્પર્ધાનું આયોજન દરેક શાળાએ કરવાનું રહેશે.

| ક્રમ | ધોરણ | સ્પર્ધા | વિષય | સ્પર્ધાની શાળા કક્ષાની તારીખ | સ્પર્ધાની ક્લસ્ટર કક્ષાની તારીખ | સ્પર્ધાની બ્લોક કક્ષાની તારીખ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧ થી ૫ | ચિત્ર સ્પર્ધા | મારા સપનાનું સ્વચ્છ ભારત | ૦૫/૦૯/૨૦૧૭ | ૦૭/૦૯/૨૦૧૭ | ૦૯/૦૯/૨૦૧૭ |
| ૨ | ૬ થી ૮ | ચિત્ર સ્પર્ધા | | | | |
| ૩ | ૬ થી ૮ | બાળકવિ સંમેલન | મનપસંદ વિષય | | | |

- શાળા કક્ષાએ પ્રથમ વિજેતાને જે તે વિભાગમાં ક્લસ્ટર કક્ષાએ મોકલવાના રહેશે.
- ચિત્રસ્પર્ધામાં પ્રથમ વિજેતા ચિત્રને ક્લસ્ટર કક્ષાએ મોકલી આપવાનું રહેશે.
- ક્લસ્ટર અને બ્લોક કક્ષાના સ્પર્ધાના સ્થળોની યાદી અને સમય સીઆરસી દ્વારા જણાવવામાં આવશે.
- જિલ્લા કક્ષાની સ્પર્ધા તા.૧૧/૦૯/૨૦૧૭ ના રોજ ડાયટ અમદાવાદ શહેર ખાતે યોજવામાં આવશે.

તા.૪-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૮ (B) તા.૪-૯-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- નગર પ્રા.શિક્ષણ સમિતિના તમામ માધ્યમનાં ફકત અરસ-પરસ બદલી કરવા માંગતા ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો/ વિદ્યાસહાયકો અને પ્રાથમિક શિક્ષકો/વિદ્યાસહાયકોની આંતરિક અરસપરસ બદલી અંગે.

સંદર્ભ :- ૧. પ્રા.શિક્ષણ નિયામકશ્રીના પત્ર ક્રમાંક : પ્રા.શિ.નિ./નીતિ/૨૦૧૭/ક/૮૭૬૯-૮૮૧૯ તા.૧-૯-૨૦૧૭

૨. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનાં ઠરાવક્રમાંક :પીઆરઈ/૧૧/૨૦૧૨-૩૧૪૭૭૬-ક તા.૨૩-૫-૨૦૧૨ અને આનુષાંગિક સુધારા સાથેના ઠરાવો અન્વયે.

આથી તમામ મ્યુનિ.શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, પત્ર ક્રમાંક -૧ અન્વયે તથા પત્રક્રમાંક-૨ શિક્ષણ વિભાગના તા.૨૩-૫-૧૨ના તથા વખતોવખતનાં સુધારા સાથેના પરિપત્રમાં જણાવેલ સૂચનાઓ અનુસાર ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ હસ્તક પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા તમામ માધ્યમનાં પ્રાથમિક શિક્ષક ધો.૧ થી ૫ તથા ઉચ્ચ પ્રાથમિક શિક્ષક ધો.૬ થી ૮નાં પ્રાથમિક શિક્ષકો / વિદ્યાસહાયકોની ફકત આંતરિક અરસપરસ સ્થળ ફેરફાર ઈચ્છતા હોય તેવા અરજદારોએ આ સાથે સામેલ અરજીના નમુનામાં અરજી કરી તેની સાથે બંને કર્મચારીઓના સંમતિ દર્શાવતો રિપોર્ટ સામેલ કરી ઝોનલ કચેરીએ અરજીની માહિતીઓ ચેક કરાવી ઝોનનાં હેડકલાર્ક / પગારબીલ કલાર્કના તથા આસિ.એ.ઓ.શ્રીનાં સહી સિક્કા સાથે રૂબરૂમાં અરસ પરસ બદલી કરવા માંગતા પ્રાથમિક શિક્ષકો/ વિદ્યાસહાયકોએ અરજી સાથે તા.૭-૮-૧૭ના રોજ ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદની મુખ્ય કચેરી, એલિસબ્રીજ શા.નં.૧૦, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાછળ, નવરંગપુરા ખાતે રાખેલ કેમ્પમાં સમય-૧૨-૦૦ કલાકે હાજર રહેશો.

આ પરિપત્રની નોંધ શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ તમામ પ્રાથમિક શિક્ષક/ ઉચ્ચ પ્રાથમિક શિક્ષક/ વિદ્યાસહાયકોને લેવડાવી સદરહુ સ્ટાફની સહી મેળવી શાળાના દફતરે રાખવી.સમયબાદ આવેલ અરજીઓ ધ્યાને લેવામાં આવશે નહિં જેની નોંધ લેવી.

તા. ૪-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નોંધ:- શિક્ષણ વિભાગના ઠરાવક્રમાંક :પીઆરઈ/૧૧૨૦૧૭/સીંફા-૧૮-ક તા.૧૨-૭-૧૭ મુજબ બઢતી માટેની પાત્રતા ધરાવતા (એચ.ટાટ)મુખ્ય શિક્ષકોનું ધો.૧ થી ૫ અને ધો.૬ થી ૮ની સિનીયોરીટી યાદી વાંધા અરજી ધ્યાને લઈ ફાઈનલ યાદી મુખ્ય ઓફિસે એસ્ટાબ્લીશ વિભાગના નોટીસ બોર્ડ પર પ્રસિદ્ધ કરવામાં આવેલ છે જેની નોંધ લેવી.

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

બદલીની અરજીનો નમૂનો

મહે. શાસનાધિકારી સાહેબ,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ

**વિષય :- પરિપત્ર નં........ તા.........-૮-૧૬ મુજબ આંતરિક અરસપરસ બદલી કરવા બાબત.**

૧. કર્મચારીનું નામઃ- એમ્પલોઈ નંબર :-

૨. હાલની શાળા :- ડીપાર્ટમેન્ટ નંબર :-

૩. હોદ્દો :- પ્રાથમિક શિક્ષક / ઉચ્ચ પ્રા. શિક્ષક /વિદ્યાસહાયક નિમણૂંકની તારીખ :-

૪. લાયકાત :-

૫. સળંગ નોકરીની તારીખ :- જન્મ તારીખ :-

૬. નોકરીના કુલ વર્ષ :- વર્ષ માસ દિવસ

૭. એક તરફી જિલ્લા ફેરબદલીથી કે અરસપરસ જિલ્લા ફેરબદલીથી આવ્યા છો ?

૮. ક્રમ-૭માં હા તો મ્યુનિ. સ્કૂલ બોર્ડમાં આવ્યા તારીખ :-

૯. બદલી માંગવાનું કારણ :-

૧૦. છેલ્લી બદલી ક્યારે થઈ હતી ? ટી.એસ.એફ. ઠરાવ અને તારીખ :-

૧૧. છેલ્લી બદલીની શાળા :- બદલી થવાનું કારણ :- માગંણી/વધઘટ/વિકલ્પ/શિક્ષાત્મક/અન્ય

૧૨. હાલની શાળામાં કયારથી છો ? વિકલ્પ પહેલાની શાળા.................તા.............

૧૩. નિવૃત્ત થવાને કેટલા વર્ષ બાકી છે ?

૧૪. ઘરનું સરનામું :-

૧૫. અગાઉ કઈ કઈ શાળામાં ફરજ બજાવી હતી

| શાળાનું નામ | તારીખ |
|---|---|
| ૧. | |
| ૨. | |
| ૩. | |

૧૬. કયા વિસ્તારની / પાળીમાં બદલીથી જવું છે. સવાર / બપોર

આથી હું પ્રમાણિત કરૂ છું કે ઉપર જણાવેલ વિગત સાચી છે. શાળાના દફતર / રેકર્ડ આધારે જણાવેલ છે. છેલ્લા ત્રણ વર્ષમાં માંગણીને કારણે મારી બદલી કરવામાં આવી નથી. ઉપર જણાવેલ વિસ્તાર / પાળીની શાળામાં જ જવું છે. / જવું નથી. તે સિવાય બદલી કરાવવાની નથી.

તારીખ :- કર્મચારીની સહી.

..................શાળા નં...

મુખ્ય શિક્ષકશ્રીની ભલામણ :-

સહી / સિકકો

...................શાળા નં...

નોંધ :- છેલ્લા ત્રણ વર્ષમાં બદલી થઈ હોય તો ભલામણમાં સ્પષ્ટ લખવું

સુપરવાઈઝરની ભલામણ :-

નોંધ :- શિક્ષાત્મક બદલી કરેલ હોય તો ભલામણમાં નોંધ કરવી.

આસિ.એ.ઓ.શ્રીની ભલામણ :-

નોંધ :- સ.બુકને આધારે છેલ્લી બદલીની વિગત ચકાસીને ભલામણ કરવી.

કલાર્ક હેડકલાર્ક આસિ.એ.ઓ. (ઝોન)

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૬૮ (C) તા.૪-૯-૧૭

ફક્ત મ્યુનિ.શાળાઓ માટે :-

વિષય :- નગર પ્રા.શિક્ષણ સમિતિ હસ્તક ફરજ બજાવતા ઉચ્ચ પ્રાથમિક શિક્ષકો/ પ્રાથમિક શિક્ષકોની જિલ્લા અરસપરસ બદલી કેમ્પ અંગે.

સંદર્ભ :- ૧. પ્રા.શિક્ષણ નિયામકશ્રીના પત્ર ક્રમાંક : પ્રા.શિ.નિ./નીતિ/૨૦૧૭/ક/૮૭૬૮-૮૮૧૯ તા.૧-૯-૨૦૧૭

૨. ગુજરાત સરકારના શિક્ષણ વિભાગનાં ઠરાવક્રમાંક :પીઆરઈ/૧૧/૨૦૧૨/૩૧૪૭૭૭-ક તા.૨૩-૫-૨૦૧૨ અને આનુષાંગિક સુધારા સાથેના ઠરાવો અન્વયે.

આથી તમામ મ્યુનિ.શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનુ કે, પત્ર ક્રમાંક -૧નાં પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની સૂચના અન્વયે તથા શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક પીઆરઈ/૧૧/૨૦૧૨/૩૧૪૭૭૭-ક તા.૨૩-૫-૨૦૧૨ અને વખતોવખતનાં સુધારા સાથેના ઠરાવોનાં સૂચનાઓ અનુસાર ન.પ્રા.શિ.સમિતિ હસ્તક પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતા પ્રાથમિક શિક્ષક ધો.૧ થી ૫ તથા ઉચ્ચ પ્રાથમિક શિક્ષક ધો.૬ થી ૮નાં પ્રાથમિક શિક્ષકોએ અરસપરસ જિલ્લા ફેરબદલી માટે અરજી નિયત સમયમર્યાદામાં કરેલ છે. અને શિક્ષણ વિભાગના ઠરાવ અનુસાર જે-તે જિલ્લામાં મોકલી આપેલ છે. તેવા અરસ-પરસ જિલ્લા ફેરબદલીના કિસ્સામાં અરસ-પરસ જિલ્લા ફેરબદલીના કેમ્પ તા.૮-૮-૧૭ના રોજ ન.પ્રા.શિ.સમિતિ, અમદાવાદની મુખ્ય કચેરી, એલિસબ્રીજ શા.નં.૧૦, નવરંગપુરા બસ સ્ટેન્ડ પાછળ, નવરંગપુરા ખાતે સમય-૧૨-૦૦ કલાકે રાખેલ છે તો અત્રેની શિક્ષણ સમિતિમાંથી જનાર અને અન્ય જિલ્લામાંથી આવનાર શિક્ષકોએ અચૂક હાજર રહેવું.

અન્ય જિલ્લામાંથી અરસપરસ બદલીથી આવનાર પ્રાથમિક શિક્ષકોનાં કેમ્પમાં હાજર રહેવાના હુકમો રવાના કરવામાં આવેલ છે તથા જે-તે પ્રાથમિક જિલ્લા શિક્ષણાધિકારીશ્રીને મેઈલથી જાણ કરવામાં આવેલ છે તો અત્રેની શિક્ષણ સમિતિનાં શિક્ષકે હુકમની નકલ મેળવી લેવા આવનાર જિલ્લાનાં શિક્ષકને જાણ કરવી.

આ પરિપત્રની નોંધ શાળાના મુખ્ય શિક્ષકશ્રીએ તમામ શિક્ષક/ વિદ્યાસહાયકોને લેવડાવી સદરહુ સ્ટાફની સહી મેળવી શાળાના દફતરે રાખવી.

તા. ૪-૯-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી